ऋतु वर्णन.

શૃંગાર રસમાં

રચિને પ્રસિદ્ધ કરનાર,

ભટ્ટ ભાઈશંકર વિશ્વનાથ

વઢવાણવાળા.

અમદાવાદમાં

મામાના કોઠાની મધ્યે અ૦ યુનાઇટેડ પ્રીં૦ એન્ડ
જ૦ એ૦ કં૦ "લિમિટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૩૮. સને ૧૮૮૨.

કિંમત બે આના.

अर्पण पत्रिका.

પ્રિય આર્ય બંધુઓ ! આ મારી અલ્પબુદ્ધિથી રચાએલો લઘુગ્રંથ હું આપનેજ અપૂર્વ ભાવથી અર્પણ કરી પરમ સંતોષ માનુંછું.

આ પ્રસંગે સર્વ સુજ્ઞ સજ્જનોને સાષ્ટાંગ પ્રણામ સાથે પ્રણિપત પુર્વક વિનતી કરૂંછું કે આ આર્યભૂમિ જેને લીધે પરવશ પડી, દેશની સર્વ સંપત્તિ અન્ય મુલકમાં ઘસડાઈ ગઈ, સિંહ જેવા ક્ષત્રિયો બકરી થઈ બેઠા, વિદ્વાન વિપ્રો અનાક્ષરી થયા, વૈશ્યનો વહેવાર નાશ પામ્યો, અને અન્ય આર્ય લોકો અધમથી પણ ઉતરતા ગણાવા લાગ્યા; અરે! આ પ્રમાણે જે એક પૃથ્વિ ઉપરના અન્ય દેશોમાં એક વખત સર્વોપરીપણું ધરાવનાર જે ભરતખંડ, તે આ વખતે ખરેખરો નિર્માલ્ય અવસ્થામાં આવી પડ્યો છે; તેનું મુખ્ય કારણ જો જુવો તો, કુસંપ, આળસ, અસત્યતા, અને ઈર્ષા છે. બંધુઓ; બહુ થયું; હવે શાન્તિ રાખો શાન્તિ રાખો. સમજો; અને વિચારો !!

એકદમ પંડિત થવાતું નથી, અને એકઘાયે કુવો ખોદાતો નથી. માટે આ મેં મારા પ્રથમના પ્રયાસમાં રસરાજ એટલે શૃંગારરસ જે વર્ણવેલોછે, તેમાં મારી ઓછી અક્કલથી વધારા પડતી બિના લખાયેલી હોય તેમ તો નથી પણ કદાપી હોય તો તે સર્વ મેહેરબાન સાહેબોને સુધારી લેવા મારી નમ્ર અરજ છે.

તા. ૨ એપ્રેલ સને ૧૮૮૨	ભટ ભાઈશંકર વિશ્વનાથ
	આસી. મા. અંગ્રેજી સ્કુ.
" ૧૯૩૮	વઢવાણ કાંપ

ऋतु वर्णन.

મંગળાચરણ. (શાર્દુલ વિક્રિડીત છંદ)

શ્રી વિશ્વેશ્વર સર્વદા સુખ દઈ, આનંદકારી કરો,
વ્યાધી આપત ક્લેશ વિઘ્ન દિનતા, ચીંતા કબુદ્ધિ હરો,
રાખી લાજ વધારજો જગતમાં, કીર્તી રૂડી માહરી,
સીદ્ધી સુયશ બુદ્ધી સંપત સદા, દ્યો ઇષ્ટ હર્ષે કરી. ૧

वसन्त ऋतु (ફાગણ ચૈત્ર)

ઇંદ્રવજ્રા છંદ.

(પુરૂષ) પ્રીયા! જુઓ આ ઋતુરાજ આવ્યો,
સૌ રમ્ય ચીજે નિજ સાથ લાવ્યો,
નિશ્ચે પ્રિયા આજ વિદેશ જાવું,
એકે ન દીઠું વળિ દુઃખ આવું. ૧

(સ્ત્રી) આતુરતાથી મળવાને સારૂ,
પ્રવાસિ આવે નિજ ઘેર ચારૂ,
સંયોગિ જોડાં સુખ ખૂબ લેશે.
નિર્ભાગી સ્ત્રી આ પતિ વીણ રેશે. ૨

ના લાજ આવે કથતાં જવાનું!
થાનાર હો તે ગમતું થવાનું,
રાખી મુને એકલિને ન જાઓ,
સાથે રહી સાચી પ્રિતી [illegible]
આ ઋતુમાં થંડક [illegible]
...તા

સૌ ગાય હોરી રસ ખુબ જામે,
હેતે મળી કામનિ કંથ ખેલે,
વસ્ત્રો પરે લાલ પતંગ રેલે. ૪

(સખી) નિરખી પ્રિયાનું મુખ દીલ લોભે,
ક્રીડા થકી સ્વેદનાં બીંદુ શોભે,
રંગીન વસ્ત્રો સજી સર્વ નારી,
ઉદ્યાનમાં સ્નેહથિ જાય ભારી. ૫

(સ્ત્રી) જોજો સખી પૂરવ વાયુ વાયે,
પંખી પ્રભાતે મળિ સર્વ ગાયે,
સૌ વૃક્ષને કુંપળિયાં ફુટે છે,
વાયૂ સુગંધી વધતો છુટે છે. ૬

(સખી) મોતીનિ માળા ફુલનાજ તોરા,
સોના તણાં ભૂષણ કંઠ દોરા,
બાજુ અને કંકણ હાથ વારૂ,
અંગે અતી ચંદન લેપ ચારૂ. ૭

(સ્ત્રી) સાહેલિયો સુંદરિ સાથ હીતે,
ક્રીડા કરેછે જળ મધ્ય પ્રીતે,
હોજો, અવાડા, નિર પેસિ ભારી,
નૃત્યો કરેછે દિલ ખુશ કારી. ૮

(સખી) ભીંજાઅલાં લાલ વપૂ રે આ,
ચોટી ગયાં વસ્ત્ર નકી ખરે હા,
લાગે સ્તન ગૌર ચારૂ,
... વારૂ વારૂ. ૯
...ારૂ,

કંદર્પને ધીરજ દેતિ ધીરે,
પાસે ન સ્વામી મનતો મુઝાયે,
વ્યાકૂળ મારૂં દિલ ખૂબ થાયે. ૧૦

(સખી) પાણી વિષે પદ્મ વળી પ્રકાસે,
સૂગંધિ સૌ રમ્ય પુષ્પો વિકાસે,
કોકીલનો મોરથિ રાગ ખોલે,
ઉંચે સ્વરે કોયલ પંખિ બોલે. ૧૧

(સ્ત્રી) કસ્તૂરિ વાળું કરિ પાણી પ્યારી,
અન્યોન્ય નાખે અતિ પ્રીત ધારી,
સ્નેહે પછી સ્વામિનિ ભેટ લેછે,
શાંતી પમાડી સુખમાં રહેછે. ૧૨

(સખી) જો પદ્મ પાસે ભ્રમરા ભમેછે,
વા તાપથી વૃક્ષ નિચાં નમેછે,
મુગ્ધા નવી માફક પૃથ્વિ થાયે,
શોભા રૂડી ડુંગરની જણાયે, ૧૩

(સ્ત્રી) સૃધા થકી આંખ સમારિ જાણી,
સ્થીરે રહે ચંચળતા ન તાણી,
ગાલે ગુલાબી શુભ તેજી આવે,
સ્વામી વિના સંકટ કો સમાવે. ૧૪

(સખી) મેના, મધૂ સારસ હંસ બોલે,
કોકીલ ટોકે ચિત્ત વૃત્તિ ડોલે,
જો મચ્છ ને કચ્છ ક્રિડા કરેછે
બીધી નદીના જળમાં

(સ્ત્રી) ધરછા છતાં

બાલે અધૂરૂં મુખ વાક્ય તોયે,
મર્યાદથી ન્યાળતિ નીચું ગાળી,
કામી તણી એ ખરી રીત ન્યાળી. ૧૬

(સખી) જામેલ તે બર્ફનું પાણિ થાયે,
એથી સુગંધી શિત વાયુ વાયે,
આંબા તણી પંક્તિ પ્રવાસિ ન્યાળે,
સંભારિ પ્યારિ સુખ દિલ જ્વાળે. ૧૭

કીર્ણો પ્રકાસે શિત ચંદ્ર કેરાં,
ચોખ્ખો શશી કેસુ ફુલે ઘણેરાં,
વાયૂ મળીયાચળ મંદ વાયે,
લીલા વનો કોયલ નાદ થાયે. ૧૮

(સ્ત્રી) આરમ્ય ચોજો સખિ જોવું જ્યારે,
વૃહાગ્નિ વ્યાપે મનમાંહિ ત્યારે,
સ્વામી વિના કાંઈ ગમે ન આજે,
પૂ ાનિ મારી પતિ પાખિ લાજે. ૧૯

ગ્રીષ્મ ઋતુ (વૈશાક, જેઠ)

(સખી) કૂવા, નદી, કુંડ, તળાવ કેરાં,
પાણી સુકાયે રવિથી ઘણેરાં,
પેસી સલીલે જન નિત્ય નાયે,
સાથે શિત વાયુ વાયે. ૧

શરીર સૂકે,
ાન ચૂકે,

પેસું જળે થંડક ના વળેરે,
સ્વામી વિના દેહ દવે બળેરે. ૨
(સખી) મધ્યાન કાળે વરસેલુ ભારે,
જો ઝાંઝવાં દૂર બળેછે આરે,
લાગે દિશાઓ સુનકાર જેવી,
અત્યંત આંધી ચડતીજ એવી. ૩
(સ્ત્રી) સ્વામી સમીપે નથિ તેથિ દાસી,
વૃહા બળેછે અતિ છું ઉદાસી,
વૃથા અરે જોબન મારૂં જાયે,
તાપે કરીને તન ધુંધવાયે. ૪
(સખી) પૃથ્વી તપે ને પગતો બળેછે,
જામી ગએલો હિમ ઓગળેછે,
વન્હી તણી વૃષ્ટિ થતી જણાયે,
અંગે અતી કષ્ટિત પ્રાણિ થાયે. ૫
(સ્ત્રી) બહાર મારા તનનોજ જાયે,
પાસે ન સ્વામી મનડું રૂંધાયે,
સૌ માનુની નીજ પતીથિ માલે,
વીયોગનું સંકટ કારિ સાલે. ૬
(સખી) થાયે બફારો વપુ સ્વેદ ચાલે,
વાયૂ બની મસ્ત વિશેશ માલે,
સુસ્તીથિ નીંદ્રા વળિ ઝટ આવે,
ભાવેથિ થંડુ જળ ખુબ ભાવે. ૭
(સ્ત્રી) સંગે ન સ્વામી તન ધુંધવાયે,
રૂંવે રૂંવે મન્મથ વ્યાપ...

બીલેગ આ યોબન બધે જાયે,
સ્વામી વિયોગે બળતીજ લાયે. ૮
(સખી) સૂનાં વનોમાં વહની બળેછે,
પંથી પ્રવાસો કરતાં કળેછે,
વૃક્ષોનિ છાયા અતિ સૂખ દેછે,
વિશ્રામ લેતાં જન "હાશ" કેછે. ૯
(સ્ત્રી) ઉંચી અગાસી ચડિ જાઈ જોવું,
દેખું નહીં નાથ અપાર રોવું,
સ્વામી ન આવ્યા ગઈ સર્વ આશા,
નાખું નિરાશી થઈ હું નિસાસા. ૧૦
(સખી) પ્રાણી તણા શબ્દ ન સંભળાયે,
ઝેરી હવા કાંયક વાર વાયે,
માળા વિષે પંખિ પશૂ ભરાયે,
મોજાં નિધીનાં ગગને ચડાયે. ૧૧
(સ્ત્રી) કામે પિડાઊં કયમ સાંભળે એ,
જો જૂગ જેવી પળ જાયછે તે,
વિશેષ આવે મનમાં તુરંગો,
સ્વામી મળ્યાના અતિછે ઉમંગો. ૧૨
(સખી) બેડૂ કરે લાંય હળેથિ પોચી,
જુ માંકડો મચ્છર ખાય કોચી,
આખે શરીરે પસરે અળાઈ,
નીંદ્રી રહે શાન્ત તમામ બાઈ. ૧૩
અખાત્રીજ અતી મુઝાઊં,
જઈ ક્યાં બુઝાઊં,

ખાવું પિવું ના વળિ વાત સારી,
મુંને ગમે ના દિલ દુઃખ ભારી. ૧૪

(સખી) સાંજે ઘડો લૈ શિર નાર સારૂ,
રામા રતી તુલ્ય જતીજ આરૂ,
ટુંકી નિશા ને દિનમાન ઝાઝું,
ઉઠ્યો અગાશી શુભ તંત્રિ વાજું. ૧૫

(સ્ત્રી) કેરી તણી મોસમ તો ગઈરે,
વીચારમાં બાવરી હું થઈરે,
સ્વામી વિના ચેન પડેજ નાહીં,
અગ્ની બળેછે સખિ દીલ માંહીં. ૧૬

(સખી) ઉદ્યાનમાં પુષ્પ સુગંધિ સારી,
છૂટે ફુવારા રચના અપારી,
ચંપો જઈ સેવતિ ફૂલ ખીલે,
બાહાર તેનો જન શોખિ લોલે. ૧૭

(સ્ત્રી) કાયા સુકાણી પતિ પાખિ મારી,
નિત્યે વહેછે નયણેથિ વારી,
જોવું બિછાનું મન આગ લાગે,
વૃહાગ્નિનાં બાણ વિશેષ વાગે. ૧૮

(સખી) સોહામણો સાંજ સમો અપારી,
ઈંદુ વડે શોભિત રાત સારી,
પલ્લો તણો ખૂબ પરાગ છૂટે,
વાપી કુવાનાં નિર સર્વ ખૂટે. ૧૯

(સ્ત્રી) ઝીણો પછેડી સજી સ્વામિ સંગે
માણી નહીં મોજથિ હું ...

બાંધી બિડી લાવ જરા ન લીધો,
ભાવે ભલો ના રસ પ્રેમ પીધો. ૨૦
આશા હતી ગ્રીષ્મ બધો ગુજાર્યો,
નાથે ન આવી મનખો સુધાર્યો,
પ્યારા વિના ધીરજ ના વળેરે,
શું હું કરૂં જીવ બહૂ બળેરે. ૨૧

વર્ષા ઋતુ (અસાડ, શ્રાવણ)

(સખી) છાંયો ઘડીમાં તડકો જણાયે,
તાપે કરીને ઉકળાટ થાયે,
આકાશમાં અભ્ર અપાર દોડે,
ચડ્યો પતી ભૂ વરસાદ ઘોડે. ૧
(સ્ત્રી) ઘામે કરીને દિલવ્યગ્ર થાએ,
પેરૂં ઝિણાં વસ્ત્ર ગમે ન કાયે,
આભૂષણોને વળિ વસ્ત્ર સારાં,
ઓપે ન અંગે નિર્ભાગ્ય મારાં. ૨
(સખી) સૌ દામિની થાય ઇશાન ખૂણે,
મંકોડિ કીડી ઉભરાઇ પૂણે,
આકાશમાં મેઘ ધનુષ્ય તાણે,
નૈરૂતનો વા વરસાદ આણે. ૩
ી) ગૂમાનિ કાયા મુજ સર્વ સૂકી,
ગિ તેથી ભરથારે મૂકી,
રવું મુઝાઇ,

કો દૂખ કાપે કર મૂજ સાઇ. ૪

(સખી) ઝુમીં રહ્યો છે ઘન વ્યોમ માંહીં,
વા વાયછે બાકિ જરાય નાહીં,
ક્ષેત્રો રસાળાં જન મેઘ માગે,
વીયોગિયોને દિલ વન્હિ લાગે. ૫

(સ્ત્રી) આ, વામ મારી ફરકેજ કાયા,
રહ્યા વિદેશે કયમ સાસુ જાયા,
વિયોગ કીડો તન જાય ખાઇ,
વેલા, પધારો મુજ નાથ ધાઇ. ૬

(સખી) આ વાદળાં સર્વ સમીપ આવે,
વીદ્યુત સાથે વરસાદ લાવે,
થંડી હવા આવતિ સૂખકારી,
ગર્જેછે ઊંડો ઘનઘોર ભારી. ૭

(સ્ત્રી) પુવાનિ મારી વણ અર્થ જાયે,
હૈયાનિ હોળી નવ ઓલવાએ,
જોવું જઇ સ્વામિ સુની પથારી,
કંપેછે કાયા ભરૂ નેત્ર વારી. ૮

(સખી) બ્રહ્માંડ ડોલે ઘન ગર્જનાથી,
બૂંદો પડેછે અદકા જુસાથી,
વિદ્યુતથી કારમિ ભોમિ ફાટે,
વૃક્ષો, હવેલી પડિ લોક દાટે. ૯

(સ્ત્રી) કામગ્નિના જોરથી વૃત્તિ ડોલે,
ભીતો રસાળાં નરનારી બોલે,
બોભી ભિંજાઇ વરસાદ

ઘણાજ મારો નવ એક ફાવ્યો. ૧૦

(સખી) છૂટે બહૂ વૃષ્ટિ અખંડ ધારા,
પાણી પડેછે ન મળે સુમારા,
જો છાપરાં વાયુથિ ઉડિ જાયે,
ભાંગી પડે વૃક્ષ, જુ, ના જણાયે. ૧૧

(સ્ત્રી) સંયોગિ શોભ્યાં જન બેઠિ નારી,
દ્રષ્ટે નિહાળું દુખ થાય ભારી,
સ્વપ્ને ન એવું સુખ કોદિ ભાળ્યૂં,
ખાલિસ આ જોબન વ્યર્થ ગાળ્યૂં. ૧૨

(સખી) નેત્રાં વિશે પાણિ નથી સમાતાં,
હર્ષેથી સૌ લોક મલ્હાર ગાતાં,
નાચે વને મોર કળા કરીને,
માળા વિશે પંખિ રહે ગરીને. ૧૩

(સ્ત્રી) નીકુંજ મધ્યે સુનકાર બેસું,
વીચાર માંહી દુઃખ સીધું પેસું,
સ્વામી વિનાનો સુનકાર લાગે,
થાવું ઉદાશી તન તીર વાગે,

(સખી) અંધારિ રાતે વિજળી જણાયે,
અત્યંત એવી દિનનીશ થાયે,
ક્ષેત્રો વિશે એડુ અનાજ વાવે,
સુખી દુઃખી માનવિ હર્ષ લાવે, ૧૫

નાખું નિસાસા નવ વાય વાણું,
પતીથી હજુ ના અવાણું,
… ત હું થઈરે,

આપી, ન, મારા મનની ગઇરે. ૧૬

(સખી) ગાંડો બની સીંધુ ગડ્ડુ કેકે,
આતુર થૈ મેટ નદીનિ લેકે,
ડૂં ડૂં કરે દાદુર કૂદિ જાઈ,
પોકારતા ચાતક તૃપ્ત થાઈ. ૧૭

(સ્ત્રી) મૃદંગ સારંગિ સતાર વાગે,
સુણી અતી અંગ અનંગ જાગે,
આ દીન સ્વામી મળવાજ ચાયે,
વૃથા અરે યૌવન મારૂં જાયે. ૧૮

(સખી) ઝીણી વળી વૃષ્ટિ હમેશ થાયે,
વૃક્ષો પરે પોપટ પંખિ ગાયે,
પ્રાણી મળી કુંજ કરે વિહારો,
મેળે મળે માનવિયો હજારો. ૧૯

(સ્ત્રી) પ્રવાસિ પ્યારી વણ દુઃખ પામે,
આ દુઃખ મારૂં નવ કોય વામે,
ઉલ્લાસ મારા મનનો ગયોરે,
આવે પ્રસંગે અળગો થયોરે. ૨૦

(સખી) લીલી પટોળી સજી એમ બેઠી,
હું શોક પામી ઘરમાંહિ પેઠી,
વર્ષા ગયો નાથ હજુ ન આવ્યા,
સંતાપ મારા નવ જાય કાવ્યા. ૨૧

શારદ ઋતુ (ભાદરવો, આસો)

(સખી) ઝાઝો રવી તીક્ષ્ણ તાપ લાગે,
વૃષ્ટિ વળી ખેડુત મૂખ માગે,
માગ્યો મુખેથી વરસાદ આવે,
આનંદ શાન્તી સરવે ધરાવે. ૧
(સ્ત્રી) લાગે મુને બાણુ અનંગ કેરાં,
પૂજું પતી કારણ દેવ દેરાં,
કાયા સુકાયે નવ કાંઈ સુઝે,
વીયોગકારો, દુઃખ ધા ન રૂઝે. ૨
(સખી) ગૂલાબિ મારૂ તન ઝંખવાયે,
ખાધૂં પિધૂં વ્યર્થ તમામ જાયે,
થંડાં થયાં સર્વ ન હું થઇ છે,
ચીન્તા ન દૂરે દિલથી ગઈ રે. ૩
(સ્ત્રી) ચાંદીસમાં વાદળ આ ઝગેછે,
તારા વિશેષે ગગને તગેછે,
સૂધા સમી થંડ. ચંદ્ર આપે,
રાત્રી રૂડી સર્વ ઉપાધિ કાપે. ૪
(સખી) છે ચંદ્રના બિંબ અતી નિરોગી,
તેનો લહે સ્વાદ ચકોર ભોગી,
વાપી, કુવા, કુંડ ભર્યા સજીલે,
ગૂલાબ, ચંપા, જઇ, જાઈ ખીલે. ૫
[illegible]ી થયો ભીતર ગુમ મોટો,
[illegible] મનમાંહી ખોટો,

હું, છું, ખરે, નૂતન જોબનાળી,
નાથે. ન આવી, હસિ લીધિ તાળી. ૬

(સખી) ધીમો પડ્યો સાગર ભેટિ નારી,
સુગંધિ વાયૂ પસરે અપારી,
શોણાયલાં વૃક્ષ થયાંજ તાજાં,
ભર્યાં નિધોમાં નિર સ્થિર ઝાઝાં ૭

(સ્ત્રી) આ જીવવું અર્થ થયુંછ ખારૂં,
પાળી લઈ પેટનિ મધ્ય મારૂં,
નાજૂક મોં, આ, કરમાઇ જાયે,
જો હાથ ચૂડો જપમાળ થાયે. ૮

(સખી) ચીત્રા તણો તાપ વિશેષ લાગે,
સ્વાતી તણા બુંદથિ મોતિ પાકે,
પીત્રાઈ પક્ષો વળી આજ ચાલે,
સૌ ગીત ગાઈ નવરાત્રિ માલે. ૯

(સ્ત્રી) પેરી પટોળી સખિ સર્વ ચાલે,
આવ્યા દસેરા દિલ દુઃખ સાલે,
સાહેલી કેરૂં, સુખ, દ્રષ્ટિ જોઈ,
રોવું ઘણી ધીરજ દે, ન, કોઈ. ૧૦

(સખી) કીર્ણો, શશીનાં અમિ વૃષ્ટિ જાણો,
ઊગી અગાશી સુખમાં પ્રમાણો,
કુમૂદની ચંદ્ર થે આ ખિલેલી,
પ્યારાથી પ્યારી રસમાં રસેલી.

(સ્ત્રી) દેખો વળી શંકુ કરાર જા...
રાત્રી, મહાચંગ...

આ ખુણ, વ્યાધી, અબુઝાક જાણો,
જાહેર કર્તા મનમાં પ્રમાણો. ૧૨

(સખી) સૌને, વળી ધીરજ ખુબ સારી,
પાડ્યું, ભલું, વર્ષ સુલાભકારી,
આવી દિવાળી જનકે ઉમંગે,
સંયોગિ જોડાં અતિ ઉછરંગે. ૧૩

(સ્ત્રી) મુંને જરા ધીરજ ના વળીરે,
વીચારમાંહા બનિ દુબળીરે,
પ્યારા કહીને નવ લાવ લીધો,
પ્યાલો પ્રિતીનો રસપ્રેમ ન પીધો. ૧૪

(સખી) આનંદકારી સહુને દિવાળી,
જો, સાસરે, આ, જતિ, સર્વ બાળી,
ફૂટે ફટાકા જન ખુશ થાયે,
રાત્રી તણો રંગ કહ્યો ન જાયે. ૧૫

(સ્ત્રી) વિયોગ, તાપે જ્વર આજ આવ્યો,
સંદેશ કંથે નવ એક કાવ્યો,
સ્વામી વિનાતો મરવુંજ સારૂં,
વૃથા થયું જીવત હાય મારૂં. ૧૬

हेमन्त ऋतु (કારતક, માગસર)

(...ગી પૂરૂષનું મિત્ર પ્રત્યે કહેવું)

અનકૂટ આજે,

...ે.

સો વસ્ત્રને ભુષણ પેરિ અંગે,
ટોળે મળે માનવિયો ઉમંગે,
(પુરૂષ) હે મિત્ર મારા રહિ દૂર પ્યારી,
આ જોઈ મુગ્ધા ભરૂ નેમવારી,
કાઢ્યા દશે માસ વિયોગ માંહી,
પ્યારી વિના કાંઈ ગમેજ નાહીં. ૨
(મિત્ર) ઝાડો ભરેલાં ફળ પુલથી છે,
વાયૂ થકી થંડક લાગતી છે,
એડુ કરે કાપણી ધાન્ય કેરી,
વીયોગિયોને નિશિ થાય વેરી. ૩
(પુરૂષ) નારંગી જેવાં પીનકુચ ભારે,
નીતંબમાં દૂષણના જગારે,
આલીંગિ એવી નવ નાર જેણે,
વૃથા ગુમાવ્યો જગ જન્મ તેણે. ૪
(મિત્ર) જો મોતિયા ઓસ તણા જણાયે,
સ્વાદીષ્ટ પાકે વપુ પુષ્ટ થાયે,
લાંબી નિશાને દિન ટુંક જાણો,
સંયોગ પ્યારી સુખમાં પ્રમાણો,
(પુરૂષ) સૂગંધિ સ્ફૂરે મુખ ચંદ્ર જેમાં,
જાણે ભર્યું અમૃત સર્વ એમાં,
સાથે ન સ્નેહે કરી વાત જેણે,
વૃથા ગુમાવ્યો જગ જન્મ તેણે.
(મિત્ર) ઝાઝાં ઝિણાં વસ્ત્ર ગમે ન
કાળી પ્રિયાને રૂપ

પંખી પ્રભાતે મળી સર્વ ગાયે,
આનંદ એથી કરિ ખૂબ થાયે. ૭
(પુરૂષ) વેણો વદે કોયલ વાણિ જાણી,
આનંદ પામે મન હર્ષ તાણી,
ન્યાળી ન નેહે પ્રિય એવિ જેણે,
વૃથા ગુમાવ્યો જગ જન્મ તેણે. ૮
(મિત્ર) શાન્તી પમાડે ઉન વસ્ત્ર સારી,
સ્વાદીષ્ટ, ચા, ભોજન, ઉષ્ણ ભારી,
પાણી ઉનું, ને, પય સારૂં લાગે,
વિયોગ પત્ની પતિનોજ ભાગે. ૯
(પુરૂષ) શોભે કટી કેસરિ તુલ્ય સારી,
થોકે રૂડી નાજુક દેહ ભારી,
તેના, ન, હસ્તે પય પીધું જેણે,
વૃથા ગુમાવ્યો જગ જન્મ તેણે. ૧૦
(મિત્ર) ચોળે સુગંધી વળિ તેલ અંગે,
અગ્ની, રવી, તાપ, ચહે ઉમંગે,
પાણી તણાં સ્થાન અપ્રીય થાયે,
આવ્યો શિઆળો અતિ ટાઢ વાયે. ૧૧
(પુરૂષ) ગ્રીવા તણું ઉજ્વળ ભૂષ શોભે,
નેત્રો નિહાળી મુનિ દીલ લોભે,
ના, હાથ, દીધો, પીન, કુચ જેણે,
વૃથા ગુમાવ્યો જગ જન્મ તેણે. ૧૨
... વિનાનું ફળ મિષ્ટ ભારી,
...ની કળિ રમ્ય સારી,

મા રૂપશું કીધો લલનાથિ જેણે,
વૃથા ગુજાર્યો જગ જન્મ તેણે. ૧૩
ગોરો રૂપાળી નવયૌવ નાળી,
રંગે રસાળીથિ, ન, લીધિ તાળી,
સંસારનું સુખ લહ્યું, ન, જેણે,
વૃથા ગુજાર્યો જગ જન્મ તેણે. ૧૪

શિશિર ઋતુ (પોષ, માહા)

(સ્ત્રી) જો પાનિ,પોંચે, પડિઆછ આરા,
ના, ના, પધાર્યા નણદીજ વીરા,
વા, થંડ, વાયે, તન, કંપ છૂટે,
આ એકલાં રાત ક્યમે ન ખૂટે. ૧
આજે પધાર્યા સખિ મૂજ સ્વામી,
હૈયે, હવે, પૂરણ, હર્ષ પામી,
જો સુર્ય તુ તુર્ત સમાઈ જાયે,
નિશા થતાંતો મુજ કાર્ય થાયે. ૨
(પુરૂષ) પાકે, ઘઊં, ગોળ, કપાસ સારો,
થાયે બહુ શાક તણો ન આરો,
દાંતો પિસાએ, મુખ સીસકારા,
સૌ થંડ વાયે નમળે સુમારા. ૩
મૂગ્ધા રૂડી માનુનિ સ્વામિ સંગે,
ગાયે મધૂરાં ગિતતો ઉમંગે,
આનંદ રાત્રી ક્ષણમાં

શાન્તીનિ વાતો હરખે ઉચ્ચારે. ૪
છે ચોટલો વાસુકિ નાગ જાણી,
સુધા ભરી કોયલ તુલ્ય વાણી,
શોભીત મોઢું અરવીંદ જેવું,
છે ભાલ કોર્ણો લજવાય એવું. ૫

નેત્રો રૂડાં ચંચળ ચારૂ દ્રષ્ટી,
જેના વડે મોહિત થાય સ્રષ્ટી,
દેખી, કુચો, કુંજર કુળ લાજે,
મુક્તાનિ, માળા પરતેહ છાજે. ૬
દંતો તણી પંગત રત્ન જેવી,
ગૂલાબી ગાલોનિ સફાઈ એવી,
પ્રવાળ જેવા વળિ ઓષ્ટ શોભે,
સ્વરૂપ જોવા સુર દીલ લોભે. ૭
ત્વચા સુંવાળી, અતિ, પ્રિયલાગે,
સ્પર્શે કરી મન્મથ બાણ વાગે,
કેળો તણા સ્થંભજ જાંઘ જાણો,
શોકે રૂડું અંગ બધું પ્રમાણો. ૮
છે વસ્ત્ર, તેજસ્વિ વિદ્યુત જેવાં,
નેપૂર વાગે અતિ રમ્ય એવાં,
જો ગોફણાનો કટિ સ્પર્શ થાયે.
નાદે કરી વીભ્રમ વિશ્વ થાયે. ૯
...ની ચામડિ દીન કેરી,
...જંતુ કેરી,

બેઠે પ્રવાસી અતિ દુઃખ અંગે,
શ્રીમંત શાલો, ધરતા ઉમંગે. ૧૦

સંક્રાન્તિ કેરો દિન પુણ્યનો છે,
કો, દાન, દે, કો, લઈ ખુશરેછે,
ચારૂ રમાનું સુખ સર્વ લેછે,
વાંઢા, વિયોગી, દુખ દુખ કેછે. ૧૧

કાન્તી જનોની ક્ષિણ સર્વ થાયે,
વેગે વધારે શિત વાયુ વાયે,
લાંબી, નિશા, ને, દીન ટુંક જાણો,
છાંટી, સુગંધી મુગ્ધાયિ માણો. ૧૨

આ, કામની કાંચન વેલ જાણો,
સામા વિના સુન્ય અષ્ટી પ્રમાણો,
શંભુ સ્વયંભૂ પરિબ્રહ્મ સ્વામી,
આસા રહી, કામ, કરેજ નામી. ૧૩

આનંદ, આનંદ, વ્યથા સમાવી,
વિલાષિ વીરો અતિ હર્ષ લાવી,
વીલાસિ શોખી જન નિત્ય નિત્યે,
લે લાવ સંસાર અપાર પ્રીતે. ૧૪

સમાપ્ત.

(આ ગ્રંથ રચવામાં મને મારા પ્રિયમિત્ર રાવળ દેવશંકર રામ ચંદ્રે જોઇતી મદદ કરી છે તેને વાસ્તે હું તેમનો ઘણો આભારી છું.

ભટ ભાઈશંકર

आश्रयपत्र.

વઢવાણ.

રા. જેઠાલાલ વાહાલજી.
,, જેઠાલાલ મયારામ.
,, પ્રાણસુખરામ માહાસુખરામ.
,, મુળજી જગનાથ.
,, નાથાભાઈ મંગળરામ.
૨ ,, વર્ધમાન જેઠાભાઈ.
૨ ,, હરીલાલ ગોવીંદલાલ.
૨ ,, ચુનીલાલ જોઈતાભાઈ.
૨ ,, ગણપતરામ બાપુજી.
૨ રા. તેજશી જેઠાભાઈ.
૨ ,, પ્રેમજી મકુ.
૨ ,, રઘુરામ ખીમજી.
૨ ,, ઉજમશી કચરા.
૧૦ ,, વૈજનાથ ખોડીદાસ.
૫ ,, વેલજી ભવાનીશંકર.
૫ ,, શેઠ હીરાચંદ માણેકચંદ.
૧ ,, કેશવજી કાજુભાઈ
૧ ,, બાપુજી મોરારજી.
૧ ,, વેલસી પુંજાભાઈ.
૧ ,, ગોવનજી લક્ષ્મીરામ.
૧ ,, દામોદર ભાગવત.
૧ ,, બાઈશંકર પુરૂષોતમ.
૧ ,, મુળશંકર પીતામર.
૧ ,, બાઈશંકર ગણેશજી.
૧ ,, ગોરધન જેશંકર.
૧ ,, શીવલાલ ગોવનજી.
૧ ,, હીરાચંદ નારણજી.
૧ ,, માણેકચંદ દામોદર.
૧ ,, ચત્રભુજ બાપુભાઈ.
૧ ,, નાનજી ધારશી.
૧ ,, મોહનલાલ ઉમેદચંદ.
૧ ,, સુખલાલ કાનજી.

૧ ,, ગુલાબચંદ સંઘજી.
૧ ,, નરશી મુળજી.
૧ ,, હરીશંકર શીવશંકર.
૧ ,, ભગવાન ગીરધર.
૧ ,, વર્ધમાન ચતુર.
૧ વકીલ વાહાલજી સંઘજી
૧ ફુલજી ગોવા.
૧ મીઠા મીયાંજી.
૧ ગોવનજી દયાળજી.
૧ લક્ષ્મીરામ બાળકૃષ્ણ.

રાજકોટ ટ્રેનીંગ કોલેજ.

રા. પરભાશંકર ઘેલાભાઈ ચુડા.
,, ભાઇશંકર ગણેશજી શીહાણી.
,, દામોદર ભાગવત વઢવાણ.
મુળશંકર પીતામર ,,
ત્રીભોવન પરભુરામ બડીયાદ.
દામોદર અબજીશાહ ચુડા.
લભ મોરારજી બોટાદ.
ાશંકર જીવરામ મોરખી

૧ ,, હરગોવનદાસ દુર્લભદાસ સીયા.
૧ ,, પોપટ ઝવેર દુધરેજ
૧ ,, ચત્રભુજ કુબેરજી લીમડી.
૧ ,, હસન કુબેર તળાજા.
૧ ,, વનમાળી કાનજી માંપજ.
૧ ,, ઇશ્વરલાલ આણંદજી શીહોર.
૧ ,, લવજી ઝીણા વળા.
૧ ,, શીવશંકર વાઘજી ચુડા.
૧ ,, ભાઇશંકર ભવાનીશંકર લખતર.
૧ ,, હરીકૃષ્ણ મોનજી વસ્તડી.
૧ ,, સઘલ અંબારામ હળવદ.
૧ ,, હરીશંકર ભવાનીશંકર ચુડા.
૧ ,, ખીમચંદ રણછોડ સાયલા.
૧ ,, દાદાભાઈ સોરાબજી રાજકોટ.
૧ ,, મણીલાલ શંકરજી બક્ષી.
૧ ,, યશવંતરાવ રાજારામ ,,
૧ ,, ગીરજાશંકર પ્રભાશંકર ,,
૧ ,, દુલભરાય કાનજી પોટા ,,

હાઇસ્કુલ.

૧ રા. જુગતરામ અંબારામ રાજકોટ.

ધીમતરામ નવલરામ સુરત.
ગવરીશંકર લક્ષ્મીરામ મોરબી.
છોટાલાલ સુંદરજી રાજકોટ.
,, રતનશાહ બેજનજી ,,
,, ત્રીભોવન કેશવજી રંગપુર.
,, પરભાશંકર જેશંકર ખંભાળીઆ.
,, હરજીવન કાનજી રાજકોટ.
,, મુળજી દ્વારકાંદાસ નડીયાદ.
૧ ,, મોનજી ખોડીદાસ રાજકોટ.
૧ ,, જટાશંકર નરશીરામ ,,
૧ ,, જીવરામ લક્ષ્મીરામ મહુવા.
૧ ,, મણીશંકર ચોનજી ચાવંત
૧ ,, જદુરામ જેઠાભાઇ રાજકોટ.
૧ ,, ગોવીંદ દામજી ,,
૧ ,, કેશવલાલ સખીદાસ ,,
૧ ,, પરભુરામ દોલતરામ ,,
૧ ,, તુળજાશંકર દયાશંકર જુનાગઢ.
૧ ,, બાપુજી મંગળજી રાજકોટ.
૧ ,, જીવરામ માવજી. ,,
૧ ,, ધજાશંકર માનશંકર ગોંડલ.

૧ ,, લક્ષ્મીચંદ હિતમચંદ સી. પાટણ.
૯ ,, સોમચંદ કપુરચંદ રાજકોટ.
૨ ,, શામળદાસ વાલજી. ,,
૧ ,, જેશંકર દયાશંકર ખંભાળીઆ.
૧ ,, જેઠાલાલ છગનલાલ પોરબંદર.
૧ ,, મિત્રસુબોધક મંડળી રાજકોટ.
૧ ,, મોહનલાલ વૃજપાળ ,,
૧ ,, અનોપચંદ જગજીવન ,,

બોટાદ.

૨ રા. ત્રીભોવન વીરજી પોષ્ટમાસ્તર.
૪ દોશી ચુનીલાલ છગનલાલ.

દસાડા.

૪ મેહેતાજી મોહનલાલ જેશંગભાઇ.
૧ રા. રામજી મોતીલાલ પો. મા.
૧ ,, ગીરધરલાલ કેશવજી પો. ગાર્ડ.
૧ ,, દામોદર હરીશંગ.
૧ સાંકળચંદ માવજી.
૧ બાઇશંકર પુરષોતમ.

ગુંદીઆળા.

૮ મેહેતાજી ઉમીયાશંકર તુળજાશંકર વધા. મે

૨ „ ભાઇશંકર કાળીદાસ.
૧ મી. વલભજી લાલજી આસી.
૧ „ બેચર દીપચંદ આસી. ૨
૧ „ મે. વ્રજલાલ ત્રીકમજી ખોખરી.
૧ „ જેઠા વાલજી પોષ્ટમેન. „
૧ „ શંકર વાલજી આસી. ૧ „
૧ „ કપુરચંદ ભગવાન „
૧ „ ગોવન જેઠા. „
૧ „ લાધા જુઠા. „
૧ „ વોરા. અલાદ ડોસાજી. „
૧ „ પંડ્યા. લીલાધર પુરૂષોતમ „
૧ „ કાળીદાસ દેવકરણ. „
„ માનસંગ પીતામર „
મેહેતાજી પ્રભાશંકર વિશ્વનાથ બાપોદરા.
„ નાગરદાસ મકનજી સાહુકા.
„ ડોસાભાઇ ગગજી મુખી.
માશંકર ભોષજી. પોલીસ પટેલ.
ખંભલાવ.
વિશ્વનાથ કલ્યાણજી પોલીસપટેલ
બળગામડા.

૧૦ મેહેતાજી જેશંકર પુરૂષોતમ. જાફરાબાદ.
૫ „ કાળીદાસ હરીભાઇ ભડકવા.
૫ „ મોહનલાલ વજેરામ. કારોલ.
૫ વકીલ પરભુદાસ મોરારજી લીંમડી.

૨ રા. મોતીરામ મકનજી.
૨ „ પુરૂષોતમ કાનજી.
૨ „ કાનજી સુંદરજી.
૨ રા. કેશવલાલ સુંદરજી
૨ „ લાલજી ભાઇશંકર.
૧ „ જટાશંકર ધનજી.
૧ „ મનસુખ ખીમચંદ.

વઢવાણકાંપ.

૧૦ શેઠ. દામોદરદાસ તાપીદાસ
૫ રા. રા. લીલાધર પ્રાણજીવન
૪ „ શંકરલાલ દયારામ.
૨ રા. પીતામર વિશ્વનાથ.
૨ „ રાયચંદ મુળચંદ.
૧૦ રા. ગોવીંદજી નરસીરામ ભાણવડ
૧૦ મેહેતાજી રામચંદ્ર ગણેશજી માણાવદર.

ારણજી કુબેરજી કન્યાશાળાના મે.
જોડીઆ.
તાજી મયારામ રઘુરામ. બગસરા.
માણેકલાલ ગણપતરામ.
નરભેરામ જાદવજી.
,, મયાશંકર ઝુંઝા.
,, ઝવેરચંદ કાળીદાસ.
,, કાભા ઝુંઝા.
,, ગોવીંદ નથુ.
,, ત્રીભોવન ગીરધર.

૧ ,, ગંભાવર ગોરધન.
૧ ,, ભુરા રતનશી.
૧ ,, કલ્યાણજી બેચર.
૧ મેહેતાજી વીદ્યારામ ત્રીકમજી. રાઇસાંકળી.
૧ ખાચર ચોમલાભાઇ મોકાજી ,,
૧ રા. ચત્રભુજ નારણજી. ,,
૧ ખાચર દાનાભાઇ રાણા. ,,
૧ શેઠ એમલ જીવા. ,,
૧ સ્કોલર લક્ષ્મીશંકર રેવાશંકર. ,,

જાહેર ખબર.

નિચે લખેલી ચોપડીઓ નીચે સહી કરનાર પાસેથી મળશે. માટે જે સાહેબોને જોઇએ તેઓએ લખી જણાવવું. વધતો ખુલાસો પ્રસંગ પડેથી કરવામાં આવશે.

ચંદ્રહાસનું આખ્યાન ભાગ ૧ લો	૦-૮-૦
સુમતિ વિલાસ	૦-૪-૦
ઋતુ વર્ણન. (ભા. વી.)	૦-૨-૦

આ શિવાય ચંદ્રહાસના આખ્યાનનો બીજો ભાગ પુરતાં ગ્રાહક મળેથી છપાવવાનો છે, જેનું કદ ૯૬ પૃષ્ટના સુમારે કરવામાં આવશે અને અગાઉથી ગ્રાહક થનારની પાસેથી કીમત ફક્ત ૦-૪-૦ મુજબ લેવામાં આવશે, મરજી હોય તે સાહેબોએ લખી મોકલવું ઉપકાર માનીશું.

તા. ૧ એપ્રીલ સ. ૧૮૮૨ | રાવળ દેવશંકર રામચંદ્ર.
ચૈતર શુદ ૧૪ સં. ૧૯૩૮ | વાઘેસ્વરી પાસે. વઢવાણ સીટી.